

સારા શિક્ષણનો ધ્યેય છે : માનવનો વિકાસ

# જ્ઞાનપરબ

*સામાન્ય અભ્યાસ માટે માહિતી પુરું પાડતું લવાજમ વિનાનું માસિક ઈ–મુખપત્ર*

અંક નં. : ૨ | માસ : જુન | વર્ષ : ૨૦૧૪

## આ અંકમાં

(૧) મારી વાત..

(૨) મનોમંથન

(૩) સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ

(૪) R.T.E. - 2009

(૫) ગુજરાત સરકારની નોકરી માટેની મોબાઈલ એપ્લિકેશન

(૬) વ્યકિત વિશેષ

(૭) જુન મહિનાના દિન વિશેષ




**સંપાદક**

**મિથુન પટેલ**

**મદદનીશ શિક્ષક**

**શ્રી લેંડાઉ પ્રા.શાળા**

**તા. થરાદ જિ.બનાસકાંઠા**

ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION

GyanParab

Educational E-News Letter

'જ્ઞાનપરબ' દર માસની ૨ થી ૫ તારીખ દરમિયાન પ્રકાશિત કરવામાં આવશે.આ માસિક પત્ર માટે કોઈ પણ લવાજમ લેવામાં આવતું નથી.

'જ્ઞાનપરબ' ને આપણા ઈ–મેઈલ બોક્ષમાં મેળવવા માટે *SEND ME GYANPARAB* લખીને અમારા ઈ–મેઈલ એડ્રેસ પર મોકલી આપવું.

Email: **mithunpatel09@gmail.com**

આપ 'જ્ઞાનપરબ' ને ઓનલાઈન

www.mspatel09.in

પરથી પણ ડાઉનલોડ કરી શકો છો.

### વાચક મિત્રોને ....

- આ સામયિક નો મુખ્ય હેતુ શૈક્ષણિક તેમજ વર્તમાન પ્રવાહોની માહિતી પુરી પાડવાનો છે.
- મિત્રો શિક્ષકો તેમજ બાળકોને ઉપયોગી થાય તેવા ઉપયોગી, પ્રેરણાદાયી, ટૂંકા લેખો 'જ્ઞાનપરબ' માટે આવકાર્ય છે.
- આપ આપણા શૈક્ષણિક લેખો કે વિચારો અમારા ઈ–મેઈલ એડ્રેસ પર મોકલી શકો છો.
- જે તે લેખ કે વિચાર માટેની જવાબદારી જે તે લેખકની રહેશે.
- 'જ્ઞાનપરબ' માટે આપણા પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય છે.

## ૧.મારી વાત.

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર નમસ્કાર !

વેકેશન અને તાલીમોના માહોલ વચ્ચે 'જ્ઞાનપરબ' ના જૂન–૨૦૧૪ ના બીજા અંકના માધ્યમથી આપ સૌને મળતાં અનેરા આનંદની લાગણી અનુભવું છું.

મિત્રો આપ સૌના સહયોગથી 'જ્ઞાનપરબ' ના પ્રથમ અંકને ખૂબ સુંદર પ્રતિસાદ મળ્યો છે.આપણા આ અપ્રતિમ પ્રતિસાદ માટે આપ સૌ વાચક મિત્રોનો હું આભારી છું.આપ સૌને વખતો વખત ઉપયોગી બને તેવી માહિતી આપવાનો હું પૂરો પ્રયત્ન કરતો રહીશ.

'જ્ઞાનપરબ' ના આ અંકમાં વર્ગખંડ શિક્ષણકાર્યમાં તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી બને તે માટે સામાજિક વિજ્ઞાન ધો–૮ના બીજા સત્રના તમામ એકમોના ટૂંકા મુદ્દા, R.T.E. 2009 ની માહિતી,વ્યકિત વિશેષ–સરદાર પટેલ અને બીજી ઉપયોગી માહિતી પૂરી પાડવાનો નાનો પ્રયાસ કર્યો છે. આપ સૌને આ ટૂંકી પણ અગત્યની માહિતી ઉપયોગી બનશે તેવી આશા રાખું છું.

સર્વે શિક્ષક – વિદ્યાર્થી મિત્રોનું આવનારું નવું શૈક્ષણિક સત્ર જ્ઞાનવર્ધક નીવડે એવી શુભકામનાઓ.

'જય જય ગરવી ગુજરાત'

આભાર સહ

મિથુન પટેલ

# ૨.મનોમંથન

## *શિક્ષકની મૂડી*

પચાસેક વરસ પહેલાંની વાત છે. સોંઘવારીનો એ જમાનો. પગાર ટૂંકા. લોકો સાદાઈથી રહેતા. ઓછી આવકથી નિર્વાહ થઈ જતો.ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ૩૫–૪૦ વરસની નોકરી પછી એક શિક્ષક નિવૃત્ત થયા. કુટુંબમાં પતિ–પત્ની એમ બે જ માણસ. જ્ઞાતિએ બ્રાહ્મણ. વિચાર કર્યો કે ચાર ધામની જાત્રા કરીએ.જરૂરી સામાન બાંધી એક શુભ દિવસે ભાવનગરથી નીકળ્યાં.

શાંતિથી તીર્થયાત્રા પૂરી કરી ભાવનગર પાછાં આવ્યાં. નિવૃત્ત થયા પછી પણ સાથી શિક્ષકોને મળવા પોતે અવારનવાર રિસેસના સમયમાં શાળાએ જતા. યાત્રાએથી આવ્યા બાદ એક દિવસ તેઓ હાઈસ્કુલે ગયા. રાબેતા મુજબ જૂના સાથીઓ સાથે ચા–પાણી પીધાં. પછી બધાં સાથે વાતે વળગ્યા. એક શિક્ષકે તેમને કહયું :'તમારી યાત્રા કેવી રહી ? અમને તમારા અનુભવો કહો.' જવાબમાં તેમને વાત શરૂ કરી. 'મારે બાળકોરૂપી મૂડી નથી એ તમે બધાં જાણો છો. મારા પત્નીને આ બાબતે કયારેક ઓછું આવતું. પણ આ યાત્રા દરમિયાન અમને બહુ યાદગાર અનુભવો થયા. આથી, મને તો ઠીક પણ, મારી પત્નીનેય, બાળકો નથી તે વાતનું દુઃખ હવે નથી. બધા શિક્ષકો વાત સાંભળવા ઉત્સુક બની ગયા. દૂર બેઠેલા ખુરશી ખેંચી નજીક આવ્યા. નિવૃત્ત શિક્ષકે પોતાની યાત્રાના અનુભવો જણાવવાનું શરૂ કર્યું.

જયાં ત્યાં ખાવું ન પડે અને ખર્ચ વધારે ન થાય એટલા માટે રસોઈનો થોડો સામાન અને જરૂરી સાધનો લઈને અમે નીકળેલાં. અમારો પહેલો મુકામ હતો અંબાજી. આબુ રોડ ઊતરીને અમે બસમાં બેસી અંબાજી પહોંચ્યા. બસમાંથી સામાન લઈને નીચે ઊતર્યા અને ધર્મશાળામાં જવાની તૈયારી કરી. એટલામાં 'નમસ્તે સાહેબ!' કહી એક ભાઈએ આવીને મને પ્રણામ કર્યા. હું તેની સામે જોઈ રહયો એટલે કહે, 'મને ન ઓળખ્યો સાહેબ? હું તમારો વિદ્યાર્થી. પચીસેક વરસ પહેલાં ભાવનગરમાં હું તમારા કલાસમાં ભણતો હતો.'

'ઘણાં વરસ થઈ ગયાં, ભાઈ એટલે ભૂલી જવાયું. કહો, કુશળ તો છો ને ?' મેં પૂછયું.

'હા સાહેબ, તમારા આશીર્વાદથી સુખી છું. અંબાજીની યાત્રાએ આવ્યા લાગો છો.'

'હા ભાઈ, નીકળ્યા છીએ તો જાત્રાએ. કોઈ સારી ધર્મશાળા બતાવો એટલે ત્યાં જઈએ. જવાબમાં કહે; 'અરે સાહેબ, એ શું બોલ્યા ? હું અહીં રહેતો હોઉ અને તમે ધર્મશાળામાં ઊતરો એ કેમ બને ! તમારે બન્નેએ મારા ઘરેજ આવવાનું છે.' મને આનાકાની કરતો જોઈ કહે, 'સાહેબ હા–ના કરો તો મારા છોકરાના સમ છે. તમને લીધા વિના હું જવાનો નથી. તેનો આવો નિર્વ્યાજ પ્રેમભાવ જોઈ અમે છેવટે તેના ઘરે ગયાં. તેણે આગ્રહપૂર્વક અમને બે દિવસ રોકયાં. સાથે ફરીને બધે દર્શન કરાવ્યાં અને આદરભાવથી પછી અમને વિદાય આપી.

ત્યાંથી નીકળી આગળ બીજા યાત્રાધામે પહોંચ્યા. સ્ટેશન બહાર નીકળી ઘોડાગાડી કરતાં હતાં ત્યાં એક ભાઈએ નમસ્કાર કરી પૂછયું, 'સાહેબ, ઓળખાણ પડે છે? ભાવનગર હું તમારી સાથે ભણી ગયો છું.' તેના ખબરઅંતર પૂછી ધર્મશાળામાં જવાની અમે તૈયારી કરી. પેલા ભાઈ કહે, 'ન બને સાહેબ.મારું ઘર તમારું જ છે. તમારે બન્નેએ મારે ત્યાં આવવાનું છે. અત્યારે બે પાંદડે થયો છું તે તમારા શિક્ષણના પ્રતાપે. અહીં દેશાવરમાં તમે મારે ત્યાં કયાંથી?'

મે રકઝક કરી પણ તે ન માન્યો. તેના પ્રેમ આગળ અમારે નમતું મૂકવું પડયું. આમ અમે જયાં જયાં ગયાં ત્યાં કોઈને કોઈ જૂનો વિદ્યાર્થી સ્ટેશન બહાર નીકળતાં મળી જતો.ખૂબ ભાવથી પોતાને ત્યાં તેડી જતો.એક–બે દિવસ રોકતો. સાથે ફરી દર્શન કરાવતો અને પછી લાગણીપૂર્વક વિદાય આપતો.

તમે નહીં માનો , પણ બે – એક અપવાદ સિવાય અમારે ધર્મશાળા કે લોજમાં જવું પડયું નથી.


***'એક શિક્ષક માટે આથી મોટી મૂડી કઈ હોય?'***

# (૩) સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ

**વિષય :– સામાજિક વિજ્ઞાન** **ધોરણ :– ૮** **સત્ર :– પ્રથમ સત્ર**

## પાઠયપુસ્તક વિષે

- કુલ એકમો :– ૯
- પુનરાવર્તન :– ૨
- વિશેષ :– રસ્તો શોધી શાળામાં પહોંચો.
  - :– શાળા પંચાયતની ચૂંટણી
  - :– આપત્તિઓ વિષે અને વેબસાઈટ એડ્રેસ
  - :– પારિભાષિક શબ્દો
  - :– ભારતની રાજયવાર માહિતી
  - :– આપણા સ્વતંત્ર્યસેનાનીઓ વિષે જાણો




### એકમ : ૧ ભારતમાં યુરોપીય પ્રજાનું આગમન

➢ ભારત આવવાનો જળમાર્ગ શોધવાનું બીડું ઝડપનાર ઈટાલીનો કોલંબસ હતો.

➢ અમેરિકા ખંડની શોધ કોલંબસે ઈ.સ. ૧૪૯૨ માં કરી હતી.

➢ ભારત આવવાનો જળમાર્ગ શોધવાની સફળતા પોર્ટુગલના વાસ્કો–દ–ગામાને મળી.

➢ ભારત આવવાનો જળમાર્ગ શોધવામાં વાસ્કો–દ–ગામાને મદદ કરનાર ખલાસી મહમદ–ઈબ્ન–મજીદ હતો.

➢ વાસ્કો–દ–ગામા હિંદ મહાસાગરમાં થઈ ૨૨ મી મે ૧૪૯૮ માં કાલિકટ બંદરે પહોચ્યો હતો.

➢ આ સમયે કાલિકટનો રાજા ઝામોરિન હતો.

➢ કાલિકટમાં પોર્ટુગીઝોએ ઈ.સ. ૧૫૦૨ માં વેપાર કરવા કોઠી સ્થાપી હતી.

➢ કાલિકટમાં કોઠીનો સેનાપતિ અલ્બુકર્ક હતો.

➢ ડચ લોકોએ ૧૬૬૩માં આગ્રામાં કોઠી સ્થાપી હતી

➢ ઈ.સ. ૧૬૦૦ માં અંગ્રેજોએ રાણી ઈલિઝાબેથના સમયમાં 'બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની' સ્થપાઈ.

➢ ઈ.સ.૧૬૦૮ માં અંગ્રેજી વહાણ હિન્દુસ્તાનના સુરત બંદરે પહોંચ્યું.

➢ હિન્દુસ્તાનની ધરતી પર પગ મૂકનાર પ્રથમ અંગ્રેજ 'હોકિન્સ' હતો.

➢ ઈ.સ. ૧૭૬૪માં મીરકાસમ અને અંગ્રેજો વચ્ચે બકસરનું યુદ્ધ થયું.

➢ ફ્રેંચોએ ઈ.સ. ૧૬૬૪માં 'ફ્રેંચ ઈસ્ટ ઈન્ડિયા' કંપની સ્થાપી હતી.

➢ ઈ.સ. ૧૭૫૭ માં સિરાજ ઉદ્ દૌલા અને અંગ્રેજો વચ્ચે પ્લાસીનું યુદ્ધ થયું.

### ❋ એકમ : ૨ આપણી આસપાસ શું?

➢ પૃથ્વી પર કુલ ચાર આવરણો આવેલા છે: મૃદાવરણ,જલાવરણ,વાતાવરણ અને જીવાવરણ.

➢ મૃદાવરણ પૃથ્વીની સપાટીનો આશરે ૨૯ % જેટલો ભાગ રોકે છે.

➢ પૃથ્વીના પેટાળમાં રહેલા ખડકોના પીગળેલા રસને મેગ્મા(ભૂ–રસ) કહે છે.

➢ જલાવરણ પૃથ્વીની સપાટીનો આશરે ૭૧% જેટલો ભાગ રોકે છે.

➢ ભેજ ઠરવાની ક્રિયા એટલે 'ઘનીભવન'.

➢ વાતાવરણ પૃથ્વીની સપાટીથી આશરે ૧૬૦૦ કિમી સુધી વિસ્તરેલું છે.

➢ વાતાવરણમાં મુખ્ય પ્રવાહી ઘટક પાણી છે.

➢ પૃથ્વી પરના પાણીના જથ્થાના ૯૭ % ભાગનું પાણી સમુદ્રોમાં છે.

➢ વાતાવરણમાં ૭૮ % નાઈટ્રોજન, ૨૧ % ઓકિસજન, અને ૧ % જેટલા અન્ય વાયુઓ છે.

➢ ઓઝોન વાયુ સૂર્યના પારજાંબલી(અલ્ટ્રાવાયોલેટ) કિરણોનું શોષણ કરી ગરમી સામે આપે છે.

## ❋ એકમ :૩ ભારતનું બંધારણ

➢ભારત દેશના બંધારણની શરૂઆત 'આમુખ' થી થાય છે.

➢ બંધારણ સભાએ ૯ ડિસે. ૧૯૪૬ થી બંધારણનું કાર્ય શરૂ કર્યુ.

➢ ડૉ.રાજેન્દ્રપ્રસાદ બંધારણ સભાના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા.

➢બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ ડૉ.બી.આર.આંબેડકર હતા.

➢બંધારણ સભાની ૨ વર્ષ ૧૧ માસ ૧૮ દિવસમાં ૧૬૬ બેઠકો થઈ હતી.

➢૨૬ નવેમ્બર ૧૯૪૯ ના દિવસે બંધારણને સંમતિ મળી, જે ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ થી અમલી બન્યું.

➢ભારતના બંધારણમાં બ્રિટન, આર્યલેન્ડ, ફ્રાંસ તથા અમેરિકાના બંધારણની વિશિષ્ટતાઓનો સમાવેશ છે.

➢ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે.

➢ધારાસભા,કારોબારી અને ન્યાયતંત્ર કેન્દ્ર સરકારનાં અંગો છે.

➢સંસદ કાયદો ઘડવાનું , મંત્રીમંડળ આ કાયદાઓનો અમલ કરવાનું અને ન્યાયતંત્ર આ કાયદાઓનું અર્થઘટન કરવાનું અને ન્યાય આપવાનું કાર્ય કરે છે.

➢બંધારણીય ઈલાજોનો અધિકારને ડૉ.બી.આર.આંબેડકરે 'બંધારણના આત્મા' સમાન ગણાવ્યો છે.

## ❋ એકમ : ૪ વેપારી શાસકો કેવી રીતે બન્યા?

➢વેલેસ્લીએ 'સહાયકારી યોજના' અમલી બનાવી.

➢દેશી રાજયો માટે સહાયકારી યોજના મીઠા ઝેર જેવી હતી.

➢વેલેસ્લીની સહાયકારી યોજનાનો પ્રથમ શિકાર હૈદરાબાદનો નિઝામ બન્યો હતો.

➢મરાઠા રાજયો અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિના ભોગ બન્યા હતા.

➢ડેલહાઉસીએ 'ખાલસા નીતિ' અમલી બનાવી હતી.

➢ડેલહાઉસી ભારતનો સુધારક બન્યો હતો.

➢ડેલહાઉસીએ અંગ્રજી શિક્ષણનો ફેલાવો કર્યો .

### એકમ : ૪ વેપારી શાસકો કેવી રીતે બન્યા?....

➢ભારતમાં મુંબઈથી થાણા સુધીની પ્રથમ રેલવે લાઈન ૧૮૫૩ માં શરૂ થઈ હતી.

➢ટપાલ પદ્ધતિ પણ ડેલહાઉસીના સમયમાં દાખલ થઈ હતી.

➢ડેલહાઉસીએ બાળલગ્ન પ્રતિબંધકધારો અને વિધવા પુનઃવિવાહધારો પસાર કર્યો હતો.

➢ભારતમાં ૧૮૫૭ માં પ્રથમ ત્રણ યુનિવર્સિટીઓ મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતા ખાતે શરૂ થઈ.

## ❋ એકમ : ૫ પ્રાકૃતિક પ્રકોપો

➢ભૂકંપ ક્રિયાના ઉદ્દભવ સ્થળેથી ભૂકંપના મોજાં પેદા થાય તેને ભૂકંપ કેન્દ્ર (Epicentre) કહે છે.

➢ભૂકંપ કેન્દ્રથી પૃથ્વીની સપાટી નજીકના સ્થળ કે કેન્દ્રને 'ભૂકંપ નિર્ગમન કેન્દ્ર' કહે છે.

➢ભૂકંપ થવાના મુખ્ય ત્રણ કારણો છેઃ (૧)જવાળામુખીજન્ય ભૂકંપ (૨)વિભંગજન્ય ભૂકંપ (૩)ભૂસંતુલનજન્ય ભૂકંપ

➢પૃથ્વીનું કેન્દ્ર બિંદુ ભૂ–સપાટીથી લગભગ ૬૩૭૮ કિમી જેટલું દૂર છે.

➢જવાળામુખી વિસ્ફોટ થવાના મુખ્ય ચાર કારણો છે.(૧)પૃથ્વીના પેટાળનું તાપમાન (૨)પ્રવાહી મેગ્માની ઉત્પત્તિ (૩)વાયુ અને વરાળનો ઉદ્દભવ (૪)મેગ્માનું ભૂસપાટી તરફનું વહન

➢જવાળામુખીના મુખ્ય ત્રણ પ્રકાર છેઃ (૧)સક્રિય જવાળામુખી(ઓટંના જવાળામુખી–ઈટાલી) (૨) સુષુપ્ત જવાળામુખી(ફ્યુજિયામાજવાળા–જાપાન) (૩)મૃત જવાળામુખી(માઉન્ટ પોપા જવાળા–મ્યાનમાર)

➢ભારતમાં અંદમાન અને નિકોબારના દ્વીપસમૂહમાં માત્ર એક જ જગ્યાએ જવાળામુખી આવેલો છે.

➢ત્સુનામીની મોટી હોનારત ૧૧ મી માર્ચ ૨૦૧૧ ના રોજ જાપાનમાં જોવા મળી હતી.

➢ચોમાસામાં ઘણીવાર ભૂસ્ખલનના કારણે રેલવે વ્યવહાર ખોરવાઈ જાય છે.

### પુનરાવર્તન – ૧

## ❋ એકમ : ૬ અંગ્રેજ શાસનની ભારત પર અસર

➢ઈ.સ. ૧૭૭૦ માં બંગાળમાં દારુણ દુષ્કાળ પડયો હતો.

➢કોર્નવોલિસ નામના ગર્વનર જનરલે કાયમી જમાબંધી નામની મહેસૂલ પદ્ધતિ દાખલ કરી.

➢વોરન હેસ્ટિંગ્ઝના સમયમાં મહેસૂલ ઉઘરાવવાનું કામ જેને સોંપવામાં આવ્યું હતું તેને કલેકટર કહેવામાં આવતા.

➢વિલિયમ બેન્ટિકે અંગ્રેજ કંપનીના વહીવટમાં ભારતીયોને સ્થાન આપ્યું.

➢વિલિયમ બેન્ટિકે સતી થવાનો રિવાજ અટકાવતો કાયદો ૧૮૨૯ માં અમલમાં મૂકયો.

➢વિલિયમ બેન્ટિકના સમયમાં ભારતમાં શિક્ષણસમિતિની રચના થઈ.

➢ઈ.સ.૧૮૩૪ માં મેકોલે નામના અંગ્રેજ ધારાશાસ્ત્રીને ભારતમાં અંગ્રેજી કેળવણીનો વિચાર આવ્યો.

➢ઈ.સ. ૧૮૫૪ થી ભારતમાં ટપાલ અને તાર–સંદેશાની આધુનિક પદ્ધતિ અપનાવાઈ.

## ❋ એકમ : ૭ આબોહવાકીય ફેરફાર

➢કોઈ પણ પ્રદેશના ૩૫ થી વધારે વર્ષના સરેરાશ તાપમાન, ભેજ અને વરસાદની સરેરાશ સ્થિતિ એટલે આબોહવા.

➢CFC - ક્લોરોફ્લોરા કાર્બન.

➢આજથી ૧૦૦ વર્ષ પહેલાં $Co_2$ 275 ppm હતો, જયારે આજે અંદાજે 350 ppm થયો છે.

➢PPM એટલે Parts Per Million (દસ લાખનો એક ભાગ)

➢WMO – વર્લ્ડ મિટિયોરોલોજિકલ ઓર્ગેનાઈઝેન – વિશ્વ હવામાન સંસ્થા.

➢એક ટન કાગળ બનાવવા માટે અંદાજે ૪૪૦૦ કિલોવોટ વીજળી , ૩૦,૦૦૦ લીટર પાણી અને ૧૧ વૃક્ષોના લાકડાંનો માવો વપરાય છે.

➢ઈ.સ. ૧૯૭૨ માં સ્વીડનના પાટનગર સ્ટોકહોમ ખાતે પર્યાવરણ બચાવવા બેઠક મળી હતી.



➢ત્યાર બાદ બ્રાઝિલના રી–ઓડી–જાનેરો ખાતે પૃથ્વી સંમેલન મળ્યું.

➢ગ્લોબલ વોર્મિંગ સંદર્ભે વિશ્વ સ્તરે બેઠક ડિસેમ્બર ૨૦૦૯માં ડેન્માર્કની રાજધાની કોપનહેગનમાં મળી હતી.

➢વિશ્વમાં સરેરાશ નાગરિક ૪.૫ મેટ્રિક ટન કાર્બન વાયુ છોડે છે.

➢ભારતનો નાગરિક વાર્ષિક સરેરાશ ૧.૨ મેટ્રિક ટન કાર્બન વાયુ છોડે છે.

## ❋ એકમ : ૮ લોકશાહી દેશમાં સંસદની ભૂમિકા

➢ભારતે 'સંસદીય લોકશાહી' નું સ્વરૂપ સ્વીકાર્યુ છે.

➢ભારતમાં સંસદ એ સર્વોચ્ચ સંસ્થા છે.

➢ભારતી સંસદ રાષ્ટ્રપતિ અને બે ગૃહો એટલે કે લોકસભા અને રાજયસભાની બનેલી છે.

➢રાજયસભા સંસદનું 'ઉપલું ગૃહ' કહેવાય છે.

➢લોકસભા સંસદનું 'નીચલું ગૃહ' કહેવાય છે.

➢લોકસભાની કુલ સભ્ય સંખ્યા ૫૪૫ છે.

➢લોકસભામાં ગુજરાતની કુલ ૨૬ બેઠકો છે.

➢રાજયસભાની કુલ સભ્ય સંખ્યા ૨૫૦ છે.

➢રાજયસભામાં ગુજરાતની કુલ બેઠકો ૧૧ છે.

➢રાજયસભાના સભ્યોની ચૂંટણી જુદાં જુદાં રાજયોની વિધાનસભામાં ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય છે.

➢રાજયસભાની કુલ ૨૫૦ સભ્યો પૈકી ૨૩૮ ની ચૂંટણી કરવામાં આવે છે. જયારે બાકીના ૧૨ સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.

➢રાજયસભા એ કાયમી ગૃહ છે.

➢રાજયસભાનું સંપૂર્ણ વિસર્જન થતું નથી. દર બે વર્ષે રાજયસભાના ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે.

➢રાજયસભાનું સંચાલન કરનારને 'સભાપતિ' કહેવામાં આવે છે.

➢હોદ્દાની રૂએ ઉપ રાષ્ટ્રપતિ રાજયસભાના સભાપતિ બને છે.

➢લોકસભાનું સંચાલન કરનારને અધ્યક્ષ(સ્પીકર) કહે છે.

## ❋ એકમ : ૯ ઈ.સ. ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ

➢ઈ.સ. ૧૮૫૭ ના મે માસની ૩૧ તારીખે ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે સંગ્રામનું આયોજન હતું.

➢એનફિલ્ડ રાઈફલમાં ગાય અને ડુક્કરની ચરબીવાળા કારતૂસ વાપરવાનો મંગલ પાંડેએ વિરોધ કર્યો હતો.

➢મંગલ પાંડે સંગ્રામ માટે નિર્ધારિત સમય કરતાં વહેલો ૨૯ મી માર્ચના રોજ તૈયાર થઈ ગયો હતો.

➢મેજર હયુસને મંગલ પાંડેને પકડી લેવાનો હુકમ કર્યો હતો.

➢મંગલ પાંડેએ પકડાવા કરતા આત્મ બલિદાનનો માર્ગ પસંદ કર્યો હતો.

➢આમ છતાં અંગ્રેજ સરકારે મંગલ પાંડેને બચાવી તેના પર ૬ એપ્રિલ,૧૮૫૭ ના રોજથી સૈનિક અદાલતનું નાટક શરૂ કર્યું.

➢૮ મી એપ્રિલ ૧૮૫૭ ના રોજ સવારના સાડા પાંચ વાગે મંગલ પાંડેને ફાંસી આપવામાં આવી અને તે ઈ.સ.૧૮૫૭ના વિપ્લવના પ્રથમ શહીદ બન્યા.

➢૮૦ વર્ષના વૃદ્ધ બહાદુર શાહ ઝફરે આ સંગ્રામમાં દિલ્લીનું નેતૃત્વ સંભાળ્યું હતું.

➢કાનપુરમાં ૪ જૂન,૧૮૫૭ થી વિપ્લવ શરૂ થયો હતો, જેની આગેવાની પેશ્વા નાના સાહેબે લીધી હતી.

➢બિહાર માં પટણા,જગદીશપુર સંગ્રામના મુખ્ય કેન્દ્રો હતાં.જગદીશપુરના કુંવરસિંહે અહીં સંગ્રામની આગેવાની કરી હતી.

➢ઝાંસી રાજય તરફથી રાણી લક્ષ્મીબાઈ આ સંગ્રામમાં જોડાયા હતાં.અંગ્રેજ અધિકારીઓના મત મુજબ રાણી લક્ષ્મીબાઈ ૧૮૫૭ ના સંગ્રામના આગેવાનોમાં શ્રેષ્ઠ સ્ત્રી–નેતા હતાં.

➢કાનપુરમાં નાના સાહેબે સૈનયની આગેવાની બહાદુર અને શકિતશાળી તાત્યા ટોપેને સોંપી હતી.

➢ગુજરાતમાં આ સંગ્રામનો આરંભ અમદમવાદની ૭ મી લશ્કરી ટુકડીએ જૂન, ૧૮૫૭ માં કર્યો હતો.

➢આ સંગ્રામ દરમિયાન અંગ્રેજ સરકારને શસ્ત્રો અને સૈનિકોનો પુરવઠો ઈંગ્લેન્ડ,ઈરાન વગેરે સ્થળેથી મળ્યો હતો.

➢અંગ્રેજ સરકારે ૧૮ એપ્રિલ , ૧૮૫૯ ના રોજ તાત્યા ટોપેને ફાંસી આપી હોવાનો સરકારી અહેવાલ પ્રસિદ્ધ થયો છે.

➢પરંતુ જુદા જુદા માધ્યમો દ્વારા એવું જાણવા મળેલ કે તાત્યા ટોપે તો છટકી ગયેલ પણ અન્ય ભળતી વ્યકિતને ફાંસી આપવામાં આવેલ.

**➢તાત્યાએ જીવનના અંતિમ વર્ષો નવસારીમાં ગાળ્યાં હોવાનું મનાય છે.**

## USEFUL WEBSITES

- www.nationalgeographic.com
- www.itihas.com
- www.discovery.com
- www.nationalgraphic.com
- www.3datlas.com
- www.safari-india.com

# (૪) R.T.E. 2009

## બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ – ૨૦૦૯

### પ્રસ્તાવના

➲ સંયુકત રાષ્ટ્રસંઘે ૧૯૭૯ નું વર્ષ આંતરરાષ્ટ્રીય બાળવર્ષ તરીકે જાહેર કર્યું. ત્યારથી વિશ્વના મોટા ભાગના દેશો બાળકોના પોષણ, આરોગ્ય, માનસિક જરૂરિયાતો પૂરી પાડવા સજાગ બન્યા.

➲ સંયુકત રાષ્ટ્ર દ્વારા ૨૦૧૫ સુધીમાં સાર્વત્રિક 'પ્રાથમિક શિક્ષણ' નું લક્ષ નકકી કરવામાં આવ્યું છે. આપણે એ નિર્ણયના ભાગીદાર હોવાથી આપણી સરકારોએ પણ એ લક્ષ સ્વીકારેલું છે.આમ કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ એ આપણી કટિબદ્ધતા છે.

➲ એટલે જ ૨૦૦૨ માં બંધારણમાં ૮૬ મો સુધારો કરીનેપ્રાથમિક શિક્ષણના અધિકારોને મૂળભૂત અધિકાર (આર્ટિકલ ૨૧ A) બનાવવામાં આવ્યો અને આપણી સંસદે 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ' નો અધિકાર અધિનિયમ – ૨૦૦૯ પસાર કર્યો.

➲ આ પહેલા ગુજરાત રાજય ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ – ૧૯૬૧ નો કાયદો અમલમાં હતો.

➲ R.T.E – 2009 (Right To Education) આ અધિનિયમ ભારતના રાજપત્રમાં અસાધારણ ભાગ–૨ ખંડ : ૧, કાયદા અને ન્યાયમંત્રાલય (વિધાન વિભાગ) નવી દિલ્લી દ્વારા ૨૭ મી ઓગષ્ટ, ૨૦૦૯ ના રોજ પ્રસિદ્ધ થયેલ છે.

➲ આ અધિનિયમ જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતને લાગું પડે છે.

➲ આ અધિનિયમમાં કુલ ૭ પ્રકરણો અને ૩૮ કલમો સમાવિષ્ટ છે.

❋ **આંતરરાષ્ટ્રીય સ્તરે બાળકના ૧૧ (અગિયાર) હકો સ્વીકારાયા છે :**

(૧) વ્યકિતત્વનું સ્વતંત્ર અસ્તિત્વ
(૨) પ્રેમ, હૂંફ અને સંરક્ષણ મેળવવું
(૩) બાળપણ ભોગવવું
(૪) શોષણમુકિત
(૫) શારીરિક સજામાંથી મુકિત
(૬) પ્રોત્સાહન મેળવવું
(૭) સામાજિક જીવન મેળવવું
(૮) સ્વ–ઓળખ પ્રાપ્ત કરવી
(૯) નિર્ણય લેવો
(૧૦) શિક્ષણ પ્રાપત કરવું
(૧૧) સંકલિત સેવા મેળવવી

## ⇨ R.T.E. – 2009 ની મુખ્ય વિશેષતાઓ

❖ ભારતના ૬ થી ૧૪ વર્ષ સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ.

❖ પ્રાથમિક શિક્ષણ પુરું થતા પહેલા કોઈ પણ બાળકને એક જ વર્ગમાં રોકાશે નહીં, કાઢી મૂકાશે નહીં તેમજ કોઈ પ્રવેશ પરીક્ષા લઈ શકાશે નહીં.

❖ એવું બાળક કે જેની ઉંમર ૬ વર્ષ કરતા વધારે છે, જે કોઈ શાળામાં દાખલ થયેલ નથી અથવા તો દાખલ થયેલ છે પણ પોતાનું પ્રાથમિક શિક્ષણ પુરું કરી શક્યું નથી, ત્યારે તેવા બાળકનેનિર્ધારિત સમય મર્યાદામાં વિશેષ શિક્ષણ આપી તેની વય કક્ષા અનુસાર જે તે ધોરણમાં પ્રવેશ આપવાનો રહેશે.

❖ કોઈ પણ બાળકને ઉંમરની સાબિતીના અભાવે શાળામાં પ્રવેશનો ઈન્કાર કરી શકાશે નહીં.

❖ પ્રાથમિક શિક્ષણ પુરું કરનાર બાળકને પ્રમાણપત્ર આપવાનું રહેશે.

❖ વર્ગદીઠ શિક્ષક–વિદ્યાર્થીનો યોગ્ય નિશ્ચિત ગુણોત્તર જળવાવો જોઈએ.

❖ આર્થિક રીતે નબળા વર્ગના વાલીના બાળકો માટે ખાનગી શાળાઓમાં ધોરણ – ૧ માં પ્રવેશ માટે ૨૫% જગ્યાઓ અનામત રાખવાની રહેશે.

## R.T.E. – 2009 પ્રકરણ અને કલમો

### ✍ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ – ૨૦૦૯ માં સમાવિષ્ટ પ્રકરણો અને તેની કલમોના શીર્ષક :–

- **પ્રકરણ:૧–પ્રારંભિક(સમાવિષ્ટ કલમોની યાદી)**

✍ કલમ : ૧ – ટૂંકું શીર્ષક, વ્યાપઅને પ્રારંભ

✍ કલમ : ૨ – વ્યાખ્યાઓ

- **પ્રકરણ:૨–મફત અને ફરજિયાત શિક્ષણનો હક**

✍ કલમ : ૩ – મફત અને ફરજિયાત શિક્ષણ અંગે બાળકનો હક

✍ કલમ : ૪ – પ્રવેશ ન અપાયેલ અથવા જેમણે પ્રારંભિક શિક્ષણ પુરું ન કર્યું હોય તેવાં બાળકો માટે ખાસ જોગવાઈઓ.

✍ કલમ : ૫ – બીજી શાળામાં બદલી મેળવવાનો હક.

- **પ્રકરણ : ૩ – યોગ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર અને માતા–પિતાની ફરજો**

✍ કલમ:૬– શાળા સ્થાપવા માટે યોગ્ય સરકાર અને સ્થાનિક સત્તાતંત્રની ફરજો.

✍ કલમ:૭–નાણાકીય અને બીજી જવાબદારીઓનું વિભાજન.

✍ કલમ : ૮ – યોગ્ય સરકારની ફરજો.

✍ કલમ : ૯ – સ્થાનિક સત્તાતંત્રની ફરજો.

✍ કલમ : ૧૦ – માતા – પિતા અને વાલીની ફરજો.

✍ કલમ : ૧૧– યોગ્ય સરકારે પૂર્વ શાળા શિક્ષણ પૂરું પાડવું.

- **પ્રકરણ : ૪ – શાળા અને શિક્ષકોની જવાબદારીઓ**

✍ કલમ : ૧૨ – મફત અને ફરજિયાત શિક્ષણ માટેશાળાની જવાબદારીનું પ્રમાણ.

✍ કલમ : ૧૩ – પ્રવેશ માટે માથાદીઠ ફી અને તપાસ કાર્યપદ્ધતિ નહીં.

✍ કલમ : ૧૪ – પ્રવેશ માટે ઉંમરની સાબિતી બાબત.

✍ કલમ : ૧૫ – પ્રવેશની ના પાડવી નહીં.

✍ કલમ : ૧૬ – રોકી રાખવા અને કાઢી મૂકવાની મનાઈ.

✍ કલમ : ૧૭ – બાળકને શારીરિક શિક્ષા અને માનસિક કનડગત ઉપર પ્રતિબંધ.

- કલમ : ૧૮ – માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઈ શાળા સ્થાપવી નહીં.
- કલમ : ૧૯ – શાળા માટેના ધોરણ અને માપ દંડ.
- કલમ : ૨૦ – અનુસૂચિ સુધારવાની સત્તા.
- કલમ : ૨૧ – શાળા વ્યવસ્થાપન સમિતિ.
- કલમ : ૨૨ – શાળા વિકાસ યોજના.
- કલમ : ૨૩ – શિક્ષકોની નિમણૂંક માટેની લાયકાત અને નોકરીની શરતો.
- કલમ : ૨૪ – શિક્ષકોની ફરજો અને ફરિયાદોનું નિવારણ.
- કલમ : ૨૫ – વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તર.
- કલમ : ૨૬ – શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવી
- કલમ :૨૭ – શિક્ષકોને બિન–શૈક્ષણિક હેતુ માટે મૂકવા પર પ્રતિબંધ.
- કલમ : ૨૮ – શિક્ષકોના ખાનગી ટ્યુશન ઉપર પ્રતિબંધ.

### • પ્રકરણ : ૫ અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવું.

- કલમ : ૨૯ – અભયાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ.
- કલમ : ૩૦ – પરીક્ષા અને પૂરું કર્યાનું પ્રમાણપત્ર.

### • પ્રકરણ : ૬ બાળકોના હકનું રક્ષણ.

- કલમ : ૩૧ – બાળકના શિક્ષણના હક પર દેખરેખ નિયંત્રણ.
- કલમ : ૩૨ – ફરિયાદ નિવારણ
- કલમ : ૩૩ – રાષ્ટ્રીય સલાહકાર પરિષદની રચના.
- કલમ : ૩૪ – રાજય સલાહકાર પરિષદની રચના.

### • પ્રકરણ : ૭ પ્રકીર્ણ

- કલમ : ૩૫ – માર્ગદર્શક સૂચનાઓ આપવાની સત્તા.
- કલમ : ૩૬ – ફોજદારી કાર્યવાહી(Prosecution) માટે પૂર્વ મંજૂરી.
- કલમ : ૩૭ – શુભ આશયથી લીધેલાં પગલાં અંગે રક્ષણ.
- કલમ : ૩૮ – નિયમો બનાવવા માટે યોગ્ય સરકારની સત્તા.




## (૫) ગુજરાત સરકારની નોકરી માટેની એપ્લિકેશન

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના નોકરી વાંચ્છુક યુવક–યુવતીઓ માટે 'Jobs In GoG' નામની એક એન્ડ્રોઈડ બેઝ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી છે.આ એપ્લિકેશન દ્વારા યુવક–યુવતીઓ ગુજરાતમાં નોકરીની નવી જગ્યાઓની માહિતી આંગળીઓના ટેરવે મેળવી શકશે.તેઓ આ એપ્લિકેશનની મદદથી કેટલી જગ્યાઓ છે,શું પેસ્કેલ છે,તેમાં શું છૂટછાટ આપવામાં આવી છે સહિતની તમામ વિગતો મેળવી શકશે. એન્ડ્રોઈડ મોબાઈલ યુઝર્સ આ એપ્લિકેશન'Google Play Store' પરથી ફ્રીમાં ડાઉનલોડ કરી શકશે.

# ૬. વ્યકિત વિશેષ – સરદાર પટેલ



## ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈની જીવન યાત્રા

**ભારતના 'સરદાર' અને ભારતની એકતાના ઘડવૈયા મોટું ટાલવાળું માથું, બેઠા ઘાટનો દેહ,બાંધી દડીનું શરીર, અંગ ઉપર સફેદ ખાદીનું ધોતિયું અને સફેદ ખાદીનું પહેરણ.બૌદ્ધ સાધુ જેવી ગંભીર દ્રષ્ટિ,નિશ્ચયબળ,લોખંડી ઈચ્છાશકિત,પ્રામાણિક ચારિત્ર્ય આ બધાનો સરવાળો કરીએ એટલે સાંપડે વલ્લભભાઈ પટેલ.**

વલ્લભભાઈનો જન્મ નડિયાદમાં ઈ.સ. ૧૮૭૫ના ઓકટોબર માસની એકત્રિસમી તારીખે થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ માતાનું નામ લાડબાઈ હતું.પ્રાથમિક તેમજ અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનું શિક્ષણ કરમસદમાં અને અંગ્રેજી ચોથા ધોરણ સુધી પેટલાદમાં લીધું હતું.૧૮ વર્ષની વયે ૧૮૯૩ માં તેમના લગ્ન કરમસદ પાસેના ગાના ગામે ઝવેરબા સાથે થયા હતા. ગ્રજયુએટ થયા બાદ બેરિસ્ટર થવા વિલાયત જવું હતું. ત્યારે 'વી.જે.પટેલ' નામનો પાસપોર્ટ અવ્યો હતો.તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ આ પાસપોર્ટ પર લંડન જઈ આવ્યા. વલ્લભભાઈ પછીથી લંડન ગયા અને બેરિસ્ટર બની સ્વદેશ આવ્યા.

વલ્લભભાઈએ અમદાવાદમાં વકીલાત શરૂ કરી.ગુજરાત કલબમાં બેઠક જમાવી. તેમની વકીલાત ધમધોકાર ચાલવા લાગી.એવામાં ગાંધીજી અમદમવાદ આવ્યા હતા. તેમણે કોચરબ આશ્રમ સ્થાપ્યો.ગુજરાત કલબમાં તેઓ વલ્લભભાઈને મળ્યા. વલ્લભભાઈની શકિત એમણે પારખી લીધી અને પોતાના કરી લીધા.તેમના જેવા અડીખમ સાથીઓના સથવારે ગાધીજીએ સ્વાતંત્ર્ય–પ્રાપ્તિના શ્રી ગણેશ માંડયા. વલ્લભભાઈ અન્ય મિત્રો સાથે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચૂંટાયા.ગણેશ વાસુદેવ માવલંકર,બળવંતરાય ઠાકોર,ડૉ.કાનુગો,જીવનલાલ દીવાન,હરીપ્રસાદ દેસાઈ વગેરેના સાથમાં અમદાવાની કાયાપલટનો આરંભ કર્યો.

ગાંધીજીએ ખેડા જિલ્લાની મહેસૂલ પદ્ધતિને પડકારી. વલ્લભભાઈને ખેડા સત્યાગ્રહનું સંચાલન સોંપાયું. વલ્લભભાઈએ આ કામમાં સફળતા હાંસલ કરી.ઈ.સ. ૧૯૨૦માં રાષ્ટ્રીય કોંગ્રેસના તેઓ પ્રમુખ બનયા.પછી તો જયાં ગાંધીજી ત્યાં સરદાર બોરસદ અને રાસનો ખેડૂત સત્યાગ્રહ મંડાયો.બારડોલીની નાકરની લડત જાગી.બધે વલ્લભભાઈ અગ્રણી.એટલી સફળતાથી સંચાલન કર્યું કે વલ્લભભાઈ 'સરદાર' બની ગયા.દાંડીકૂચ હોય,સરકાર સાથે વાટાઘાટ હોય કે જેલવાસ હોય, 'જયાં જયાં ગાંધીજી ત્યાં ત્યાં વલ્લભભાઈ' જેવી પરિસ્થિતિ સર્જાઈ.

ઈ.સ.૧૯૪૨ નું વર્ષ આવી પહોંચ્યું.સરદારના બોલ પર અનેક સ્વાતંત્ર્યસેનાનીઓ હસતે મોંએ શહીદીને વર્યા. વલ્લભભાઈ 'અખંડ ભારતના' પૂજારી,શિસ્તના પરમ ઉપાસક.છતાં ઈ.સ.૧૯૪૭ માં દેશના ભાગલા કબૂલ રાખ્યા.મુસ્લિમોના પ્રતિકારને લોખંડી હાથે દબાવ્યો.કાશ્મીરના આક્રમણને થંભાવી દીધું.કાશ્મીરના પ્રશ્નને યુનોમાં રજૂ કરવાના તેઓ સખત વિરોધી હતા.બ્રિટિશ રાજકર્તાઓ ભારત છોડતા ગયા પરંતુ હિંદુ–મુસલમાન વચ્ચે ખાઈ ઊંડી કરતા ગયા અને દેશી રાજયો તથા બ્રિટિશ હકૂમતનાં કેટલાંક રાજયોને સ્વતંત્ર બનાવતા ગયા.અખંડ ભારતની ભાવના ઓસરી જાય તો રાષ્ટ્ર છિન્નભિન્ન થઈ જાય. વલ્લભભાઈએ કુનેહપૂર્વક કામ સંભાળ્યું.દેશી રાજયોનું સમજપૂર્વક જોડાણ સાધ્યું.રાજકીય એકતાને ચોકકસ અને મજબૂત સ્વરૂપ આપ્યું.જૂનાગઢ ,હૈદરાબાદ,જમ્મુ–કાશ્મીર અને ગોવાને પણ રાષ્ટ્રમાં ભેળવવામાં એમની લોખંડી તાકાતનું દર્શન થાય છે.

કેટલાકના મત પ્રમાણે કહેવાય છે કે સરદાર થોડું વધારે જીવ્યા હોત તો સાચા સ્વરાજયનું આપણને પુનિત દર્શન થયું હોત.પરંતુ ભારતના એ ભાગ્યવિધાતાને પરમાત્માનું તેડું વહેલું આવ્યું.ઈ.સ. ૧૯૫૦ ડિસેમ્બરની ૧૫ મી તારીખે દિવસ ઉગ્યો અને સરદારનો સૂર્ય આથમી ગયો. **૧૯૯૧ માં આઝાદીના એકતાલીસ વર્ષ પછી તેમને મરણોત્તર 'ભારતરત્ન' ખિતાબ આપવામાં આવ્યો.**

# ૭. જૂન માસના મહત્વના દિવસો

| | | |
|---|---|---|
| જૂન ૧ | –– | આંતરરાષ્ટ્રીય બાલદિન |
| જૂન ૪ | –– | રણજિત રાય મહેતા, લેખક, પુણ્યતિથિ , ૧૯૧૭ |
| જૂન ૫ | –– | વિશ્વ પર્યાવરણ દિવસ |
| જૂન ૬ | –– | ડૉ.જયંત ખત્રી, લેખક, પુણ્યતિથિ, ૧૯૬૮ |
| જૂન ૭ | –– | મહારાણા પ્રતાપ, રાષ્ટ્રસેવક, જન્મ જયંતી – ૧૫૩૯ |
| જૂન ૯ | –– | સુરસિંહ તખ્તસિંહજી ગોહિલ, ‘કવિ કલાપિ’, પુણ્યતિથિ – ૧૯૦૦ |
| જૂન ૧૦ | –– | પિનાકીન દવે, લેખક, જન્મ જયંતી – ૧૯૩૫ |
| જૂન ૧૨ | –– | વિશ્વ બાળમજૂરી વિરોધ દિન |
| જૂન ૧૫ | –– | વિશ્વ વિકલાંગ દિન |
| જૂન ૧૬ | –– | મણિશંકર રત્નજી ભટ્ટ,‘કવિ કાન્ત’ પુણ્યતિથિ – ૧૯૨૩ |
| જૂન ૧૮ | –– | ગોવા મુકિત દિવસ |
| જૂન ૨૦ | –– | મહેન્દ્ર મેઘાણી, લેખક, જન્મ જયંતી – ૧૯૬૩ |
| જૂન ૨૧ | –– | લાંબામાં લાંબો દિવસ |
| જૂન ૨૩ | –– | ગિજુભાઈ બધેકા, કેળવણીકાર પુણ્યતિથિ – ૧૯૩૯ |
| જૂન ૨૩ | –– | વિશ્વ ઓલેમ્પિક દિવસ |
| જૂન ૨૬ | –– | માદક પદાર્થ વિરોધી દિન |
| જૂન ૨૭ | –– | વિશ્વ મધુમેહ (ડાયાબિટિસ) દિવસ |
| જૂન ૨૮ | –– | ફાધર્સ ડે |

*પત્ર વ્યવહારનું સરનામું*


મિથુન પટેલ
મદદનીશ શિક્ષક
લેંડાઉ પ્રાથમિક શાળા
તા. થરાદ  જિ. બનાસકાંઠા
પિન: ૩૮૫૫૬૫
મો.નં. ૯૮૨૫૯ ૯૦૯૯૬
e-mail : mithunpatel09@gmail.com
www.mspatel09.in


Book-Post
Printed matter

To,

.........................................

.........................................

.........................................

PIN.